# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 19-02-2026 Day: Thursday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## PM – ભારત AI ઇમ્પેક્ટ સમિટ 2026 નું ઉદ્‌ઘાટન કરશે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ઇન્ડિયા એઆઇ ઇમ્પેક્ટ સમિટ 2026નું ઉદ્ઘાટન કરશે. ઉદ્ઘાટન સમારોહને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન અને સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસ તેમજ વિશ્વભરના વિવિધ ટોચના ઉદ્યોગ નેતાઓ પણ સંબોધિત કરશે. ઉદ્ઘાટન સમારોહ પછી નેતાઓ ઇન્ડિયા એઆઇ ઇમ્પેક્ટ એક્સ્પોની મુલાકાત લેશે.

શ્રી મોદી સાંજે **CEO** રાઉન્ડ ટેબલમાં ભાગ લેશે. તે રોકાણ**,** સંશોધન સહયોગ**,** સપ્લાય ચેઇન અને **AI** અંગે ચર્ચા કરવા માટે વૈશ્વિક ટેકનોલોજી અને ઉદ્યોગ કંપનીઓના વરિષ્ઠ અધિકારીઓને સરકારી નેતૃત્વ સાથે બોલાવશે.

**-----------------------------------------------------------------------------------------**

## ગુજરાત અંદાજપત્ર

વિકસિત ભારત@૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવાની નેમ સાથે આજે નાણામંત્રી કનુભાઇ દેસાઇએ વિધાનસભામાં વર્ષ 2026-27નું ચાર લાખ 8 હજાર 53 કરોડનું વિક્રમ જનક બજેટ રજૂ કર્યું હતું.. આત્મનિર્ભર ભારતના સંકલ્પને આગળ ધપાવવાની નેમ સાથે ગત વર્ષની સરખામણીમાં દસ પોઇન્ટ બે ટકા એટલે કે 37 હજાર 803 કરોડના વધારા સાથે આ બજેટ રજૂ કરાયું હતું...

974 કરોડ રૂપિયાની પુરાંત સાથેના કરબોજ વિનાના આ બજેટમાં બે લાખ 46 હજાર 16 કરોડની મહેસૂલી ખર્ચની જોગવાઇ છે.. જ્યારે મૂડી ખર્ચ માટે એક લાખ 57 હજાર 358 કરોડની જોગવાઇ છે..જેમાં 17.5 ટકાનો વધારો દર્શાવાયો છે.. રાજકોષીય ખાધ 1.97 ટકા અંદાજવામાં આવી છે. જ્યારે જાહેર દેવું 14.65 હોવાનું બજેટમાં જણાવાયું છે..

---

## વિક્સિત ભારત જી રામજી ખેડૂત શ્રમિક સંવાદ

ભારતના વિકસિત ભારત જી રામ જી યોજના ગ્રામીણ અર્થતંત્રની કાપાપલટ કરશે અને તેનો મહત્તમ લાભ ખેડૂતો અને અન્યોને મળશે, તેવું જિલ્લા મથક ભુજ ખાતે આયોજિત ખેડૂત શ્રમિક સંવાદ કાર્યક્રમમાં જણાવાયું હતું. વીબી જી રામ જી યોજનાની ઉપયોગિતાને છેવાડાના વિસ્તાર  સુધી પહોંચાડવાના આશયથી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખાતે યોજાયેલ ખેડૂત શ્રમિક સંવાદમાં મનરેગા યોજનામાં આમૂલ પરિવર્તન લાવી વિકસિત ભારત જી રામ જી યોજના અમલી બનાવાઈ છે, જેમાં 125 દિવસ રોજગારી, ગ્રામ પંચાયતોને વિશેષ અધિકાર, સમયસર ચૂકવણી, વિલંબ માટે વળતર, ટેક્નોલોજી દ્વારા સશક્તિરણ સહિતની કારયેલી જોગવાઈથી ગામડાનો વિકાસ વેગ **પકડશે.**

---

## ગાઇડ દ્વારા બે દિવસીય રાષ્ટ્રીય પરિષદ

ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડેઝર્ટ ઇકોલોજી **(GUIDE)** દ્વારા આગામી તા. ૨૦ અને ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ કચ્છ યુનિવર્સિટી ભુજ ખાતે બે દિવસીય રાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરિષદનો મુખ્ય વિષય "શુષ્ક પ્રદેશોમાં આબોહવા પરિવર્તન અને આજીવિકાની સ્થિતિ રાખવામાં આવ્યો છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતના સૂકા અને અર્ધ-સૂકા વિસ્તારોમાં ક્લાઈમેટ ચેન્જને કારણે સર્જાતા પડકારો સામે લાંબાગાળાની વ્યૂહરચના તૈયાર કરવાનો છે. ખાસ કરીને રણ પ્રદેશમાં વધારો, પાણીની અછત અને જમીન ધોવાણ જેવી ગંભીર સમસ્યાઓ વચ્ચે સ્થાનિક ખેડૂતો અને પશુપાલકોની આજીવિકા કેવી રીતે સુરક્ષિત કરી શકાય

તે અંગે ઊંડાણપૂર્વક મંથન-ચિંતન કરવામાં આવશે. આ કોન્ફરન્સમાં દેશભરમાંથી ૨૦૦થી વધુ વિજ્ઞાનીઓ, શિક્ષણવિદો અને નીતિ નિર્ધારકો ઉપસ્થિત રહેશે.

---

## આજથી રમઝાન માસનો પ્રારંભ

આજથી હિજરી  સનના નવમાં મહિના રમજાન માસનો આરંભ થયો છે. ગઈ રાતે ચાંદ દેખાતા રમજાન માસની શરૂઆત થઈ છે. રમજાનએ ઇબાદતનો મહિનો છે. મુસ્લિમો આખો મહિનો રોજા રાખે છે. ઇદના દિને રોજા પૂરા થાય છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રમજાન પર્વ નિમિત્તે દેશવાસીઓને મુબારકબાદ પાઠવી છે. સોશિયલ મીડિયા મારફતે પોતાના સંદેશમાં શ્રી મોદીએ જણાવ્યું કે, આ પવિત્ર મહિનો સમાજમાં એકતા અને સૌહાર્દની ભાવનાને વધુ મજબૂત બનાવશે. સાથે જ તેમણે દેશમાં સર્વત્ર શાંતિ અને સમૃદ્ધિ કાયમ રહે તેવી કામના વ્યક્ત કરી છે.

---

## ક્રિકેટ

ટી20 વિશ્વ કપની ગ્રુપ એની અંતિમ મેચમાં ભારતે નેધરલેન્ડને 17 રને હરાવી ગ્રુપની બધી જ ચાર મેચ જીતી લીધી છે. અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પરની મેચમાં ભારતના 6 વિકેટે 193 રનના જવાબમાં નેધરલેન્ડની ટીમ નિર્ધારિત ઓવરમાં 7 વિકેટ ગુમાવી 176 રન કરી શકી હતી. ભારતે છ વિકેટે 193 રન કર્યા જેમાં શિવમ દુબેએ સૌથી વધુ 66 અને સુકાની સૂર્યકુમાર યાદવે 34 રન કર્યા હતા, જ્યારે વરુણ ચક્રવર્તીએ 14 રનમાં 3 વિકેટ ઝડપી હતી. ભારતે સુપર આઠમાં પ્રવેશ કરી લીધો છે. સુપર આઠની પ્રથમ મેચમાં ભારતનો મુકાબલો દક્ષિણ આફ્રિકા સામે અમદાવાદ ખાતે 22 મીએ થશે.

---

## એસટી દ્વારા વધારાની બસો

આગામી હોળી-ધૂળેટી પર્વ નિમિત્તે વધારાના પ્રવાસી ધસારાને પહોંચી વળવા તેમજ મુસાફરોની સુવિધા અર્થ  એસટી નિગમ દ્વારા આગામી તા. 27 મી ફેબ્રુઆરીથી 2જી માર્ચ સુધી દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર જિલ્લા તરફ વધારાની બસો દોડાવાશે. આ ઉપરાંત પ્રવાસીઓ દ્વારા નજીકના ડેપોથી ગ્રૂપ બૂકિંગથી વધારાની બસ સેવાનો લાભ પણ મેળવી શકાશે.

-------------------------------------------------------------------------------------